હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૬૯૬, વર્ષ : ૩૦
અંક : ૧૭ સપ્ટેમ્બર-૦૧, ૨૦૧૭

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

‘નર્મકવિતા’ લખી પ્રેમને શૌર્યનો માત ગુજરાતને પાઠ દીધો,
ઘેલી ગુજરાતને ‘ગરવી’ પદ આપીને, જન્મભૂમિ તણો પ્રેમ કીધો;
‘દાંડિયો’, ‘કોષ’ને ‘રાજયરંગે’ વળી, આદ્ય સાહિત્યને જન્મ આપ્યો,
વીર નર્મદ સુધારક નૃવર પ્રખર, સાક્ષર તણો સુયશ ગુજરાત વ્યાપ્યો;
તે સ્મરણથી, પ્રશંશા અને ભક્તિથી, નર્મ-યશ ગાજશે ગગનગામી,
એ અમર દેવ સમ વીર નર્મદ પદે, અર્પિયે અંજલિ શીષ નામી.

- નિવાંપાંજલી, નર્મદ શતાબ્દી ગ્રંથ, ૧૯૩૩

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ઓગષ્ટ માસ એટલે ક્રાંતિના ઈતિહાસથી ભરપૂર રંગાયેલો મહિનો, દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે જોડાયેલી ઘટનાઓનો મહિનો. આ ઉપરાંત, ગુજરાતી સાહિત્યના અનેક સર્જકોના જન્મ સાથે સંકળાયેલો, એક વિશિષ્ટ સંયોગ પણ આ માસમાં જોવા મળે છે. આ માસમાં જન્મેલા કેટલાક ગુજરાતી  સાહિત્યકારોને યાદ કરીએ. સુંદરજી બેટાઈ (૧૦-૦૮-૧૯૦૫), ચુનિલાલ મડિયા (૧૨-૦૮-૧૯૨૨), યશોધર મહેતા (૧૪-૦૮-૧૯૦૯), ગની દહીંવાલા (૧૭-૦૮-૧૯૦૮), ભક્ત કવિ દયારામ (૧૮-૦૮-૧૭૭૭), ચંદ્રકાંત બક્ષી (૨૦-૦૮-૧૯૩૨), ગુજરાતી ગદ્ય સર્જનાર પ્રથમ સર્જક નર્મદાશંકર લાલશંકર દવે (૨૪-૦૮-૧૮૩૩), રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી (૨૮-૦૮-૧૮૯૬) તેમજ કુમારપાળ બાલાભાઈ દેસાઈ (૩૦-૦૮-૧૯૪૫). આજના ‘‘આદિવચન’’માં નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે ‘‘વીર નર્મદ’’ને યાદ કરીએ.

‘‘યા હોમ કરીને પડો ફતેહ છે’’ની વાત કરનાર કે ‘‘ડગલું ભર્યું તે ના હટવું, ના હટવું’’, ‘‘જય જય ગરવી ગુજરાત’’નો રચયિતા નર્મદનો જન્મ ૨૪ ઓગષ્ટ, ૧૮૩૩ (સંવત ૧૮૮૩ શુક્લ ભાદ્રપદ દશમ અને શનિવાર)ના રોજ સુરતમાં નાગરી નાતમાં થયો. સાહિત્ય ક્ષેત્રે અવનવાં નવીન પ્રસ્થાનો કરનાર સર્જકો તો દરેક યુગમાં મળી રહેતા હોય છે; પરંતુ સાહિત્ય ઉપરાંત સમાજ અને સંસ્કૃતિના વિકાસની ક્ષિતિજો વિસ્તારી નવા માનદંડો સ્થાપિત કરનારા તથા સમગ્ર પ્રજાને પ્રેરનાર કોઈક જ વીરલા હોય છે. એ સંદર્ભે નર્મદ માટે પ્રયોજાયેલું વિશેષણ ‘વીર નર્મદ’ ઔચિત્યપૂર્ણ છે.

નર્મદના સમયમાં (૧૮૩૩-૧૮૮૬)એની નજર સામેનો સમાજ નર્યો ઊષર ભૂમિ જેવો હતો. એ ભૂમિને ખેડવાની હતી, ઉપર તળે કરવાની હતી, ચાસ પાડવાના હતા, અનુપ્તમાંથી ઉપ્તબીજ ભૂમિમાં તેનું પરિવર્તન કરવાનું હતું. કહો કે નર્યા વિપરીત સંજોગો ચારે તરફ હતા. જે કંઈ રૂઢ-સ્થિર-જર્જરીત હતું તેને પડકારવાનું હતું. ઉગ્ર આઘાતો આપવાના હતા. નવાનો બધે મોરચેથી સંચાર કરવાનો હતો. સાહિત્ય-સમાજ-ધર્મ-જીવન બધે જ ક્ષેત્રે. ઈ.સ. ૧૮૫૦ પૂર્વેનું ગુજરાત સમેત ભારતીય જનજીવન નિબિડ અંધકાર વચ્ચે શ્વાસ ભરી રહ્યું હતું. નરી દુર્ગંધ-ભીતર અને બહારની જામેલી હતી. જુનવાણી માનસના પ્રભાવમાં શિક્ષણ માટે કે સ્ત્રીઓના ઉધ્ધાર માટે નહિવત્ શક્યતાઓ જણાતી હતી... શિક્ષણ સુધારાની વાત કરનારાઓને માઠા પરિણામો માટેની ધમકીઓ મળતી... દુર્ગારામ મહેતાજી અને દલપતરામ જેવાઓએ ગુજરાતમાં આવા સળવળાટનાં તેમની સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ વડે આપણને દર્શન કરાવ્યાં... બરાબર એવે ટાણે સમયનો તકાજો હતો - કોઈ એક ઘા ને બે કટકા કરે તેવા વીર પુરુષનો, ઉત્સાહ-ઉદ્યમભર્યા પુરુષનો, પ્રેમ-શોર્યભર્યા પુરુષનો, જે કંઈ વણખેડાયેલું કે જડસ્થિર છે તેને બુલડોઝર બની ખેડી આપે અથવા તો એવાં જળને ઝટ ઝટ ડહોળી નાખે તેવા પુરુષનો (શ્રી પ્રવિણ દરજી).

बहुनाम एमि प्रथमः ।। (બધામાં પ્રથમ રહીશ) એવા શાસ્ત્રસૂત્રને સાર્થક કરતો હોય એમ નર્મદ બધા ક્ષેત્રોમાં શૂરો પૂરો છે. અર્વાચીન ગુજરાતી કવિતાનો એ આદ્ય કવિ છે. એ આપણો પ્રથમ ગદ્યકાર છે. (મંડળી મળવાથી થતા લાભ) એ આપણો પ્રથમ સત્યનિષ્ઠ આત્મકથાકાર છે. (મારી હકીકત) એ પહેલો મૂલ્યનિષ્ઠ પત્રકાર છે. (દાંડીયો). મહાન ભાવોને અનુરૂપ છંદ શોધવા મથનારો અને મહાકાવ્યનો પ્રયોગ કરનારો પ્રથમ સાહસિક કવિ છે (પિંગળ પ્રવેશિકા, અલંકાર પ્રવેશિકા, રસપ્રવેશિકા) નવા યુગના સંધિકાળે એકલે હાથે ગુજરાતી ભાષાનો કોશ રચનારો પ્રથમ કોશકાર (નર્મકોશ) છે. જગતના ઈતિહાસનો ગ્રંથ ‘રાજ્ય રંગ’ લખવામાં વિશ્વ વ્યાપી દૃષ્ટિ ધરાવનારો પણ પહેલો નર્મદ છે. લોક સાહિત્યના સંશોધન-સંપાદનમાં પુરૂષાર્થ કરનારો નર્મદ પ્રથમ છે. ટીકાવિદ્યાનો પ્રારંભ કરનાર તથા કાવ્યશાસ્ત્રનો વિચાર કરનાર એ પહેલો વિવેચક છે. સ્વરાજ અને સ્વદેશાભિમાનની વિભાવના ચીંધનારો પણ નર્મદ પહેલો છે. પ્રકૃતિએ મંદ અને ટાઢું લોહી ધરાવતી ગુજરાતી પ્રજાને સુધારાના યુદ્ધમાં નોંતરનારો એજ આપણો સુધારાનો સેનાની છે. સમયની આગેકૂચમાં પરિવર્તન સાથે કદમ મિલાવવા સમર્થ નેતાગીરીનો વિભાવ પણ નર્મદે જ આપ્યો. उत्तिष्ठ जाग्रत प्राप्य वरान्निबोधः (ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી લાગેલા રહો)ના વિવેકાનંદે પ્રબોધેલ ઉપનિષદસૂત્રને જીવનમાં સાદ્યંત આચરી બનાવનાર નર્મદે જે કોઈ કામ હાથમાં લીધું, તેને વળગી રહી, એ પૂર્ણ ન થાય ત્યાં લગી મંડ્યા રહેવાનું આત્મબળ કેળવ્યું હતું. પદ્ય, ગદ્ય કે પત્રકારત્વ-તમામ ક્ષેત્રે નર્મદનો શબ્દ ચિરંજીવ, પાયોનિયર

કહો કે મિસાઈલ જેવો કાર્યસાધક રહ્યો.

'ગુજરાતી ગદ્યનો વિકાસ' નામક વાર્તાલાપ શ્રેણીમાં 'નર્મદ યુગનું ગદ્ય' વિશે શ્રી યશવન્ત શુક્લ કહે છે, ''નર્મદને રૂઢ ગદ્યનો પિતા ગણવામાં આવે છે અને તે ચોક્કસ અર્થમાં સાચું છે.'' તેના લાક્ષણિક ગદ્યનો એક નમૂનો :

''શૌર્ય વિના માણસપણું રહેતું નથી, શૌર્ય વિના આપણે રાજ્ય, ધર્મ, રૂઢિના અધમ દાસ છૈયે... શૌર્યથી કુલીનતાને સૌંદર્ય આવે છે. આપણે ઊંચા છીએ તેથી આપણામાં ઊંચું શૌર્ય આવશે ને ઊંચું શૌર્ય આવ્યું એટલે ઊંચા યશ ને પછી ઊંચું સુખ પ્રાપ્ત થશે. - અર્થાત્, દેશાભિમાન થકી ઉત્પન્ન થયેલાં પ્રેમ શૌર્ય એ બે નો દેશીઓમાં દહાડે દહાડે વધારો થવો જોઈએ.''

ડૉ. પ્રવિણ દરજી ''આપણી ભાષાનો પ્રથમ નિંબધ'' અંગે વિ. વિદ્યાનગરના જૂલાઈ-૨૦૦૯ના અંકમાં લખે છે - ''પદ્યને જેમ 'લાગણી' સાથે જોડીએ છીએ અને ગદ્યને જેમ 'વિચાર' સાથે જોડીએ છીએ, એ જાડું તો જાડું ગણિત આગળ લઈને ચાલીએ તો અર્વાચીન ગુજરાતી ગદ્યના, આરંભ કાળે એ સત્ય લાગું પાડી શકાય તેમ છે. ઘણી બધી બાબતોમાં 'આદ્ય' નર્મદમાં 'ગદ્ય' વિશેની સૂઝ આશ્ચર્ય પમાડે તેવી હતી.''

શ્રી આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ, કવિ નર્મદાશંકરની શતાબ્દી વખતે જણાવેલું કે, ''કવિ નર્મદનું ગુજરાતમાં ચિરંજીવ નામ રહેશે તો તે એમનાં શ્રૃંગાર કાવ્યોથી નહિ પણ દેશભક્તિથી : અને એમાં પણ એમનો દેશ એટલે હિન્દુસ્તાન નહિ પણ ગૂજરાત સમજવાનો છે. જગતનાં સ્વદેશભક્તિનાં કાવ્યોમાં - જય જય ગરવી ગુજરાત - આ પદ્યને પ્રથમ પંક્તિમાં સ્થાન મળવું જોઈએ... વીરતાથી તો ન કેવળ કવિનાં કાવ્યો અને નિબંધો, પણ એમનું સમસ્ત જીવન ભરપુર હતું.'' સહું ચલો જીતવા જંગ બ્યુગલો વાગે''- એ અમુક પ્રસંગની જ વીરહાક ન હતી, પણ એમનું આખું જીવન એથી ભરપૂર હતું. ગૂજરાતે આવો 'કવિવીર' બીજો પેદા કર્યો નથી.

શ્રી કનૈયાલાલ મુનશી નર્મદને 'મહાવરાહ' તરીકે નવાજે છે. તેઓ લખે છે, ''અંધકારમાંથી પાટણનાથોએ ગુજરાત તાર્યું ત્યારે, સાહિત્ય, વિદ્યા ને સંસ્કારની નવસૃષ્ટિ તારી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રે. મુસ્લિમ જુલમની દારૂણતામાંથી ભાગવત ધર્મે ગુજરાત બચાવ્યું ત્યારે સાહિત્ય, ભક્તિ ને નીતિનું જગત આણ્યું વૈષ્ણવજન શિરોમણિ નરસૈયાએ. મરાઠા અંધાધુધીમાંથી પૂર્વ પશ્ચિમની સંધિએ, પુર્વઘટનાકારો ફાંફાં મારતા હતા ત્યારે નર્મદ આવ્યો. એણે પ્રલયજલમાં ડુબકી મારી; નવગુજરાતને આણ્યું-સાહિત્યને સંસ્કારની સુવાસે, સરસ, પરાક્રમને પ્રણયની સંજીવનીએ નવજુવાન.'' શ્રી અનંતરાય મણિશંકર રાવલ નર્મદને મહાકવિ પ્રેમાનંદ સાથે સરખાવે છે. પ્રેમાનંદની ગુર્જર ગિરાને ભાષા સાહિત્યની બાબતે હિંદની અન્ય ભાષાઓની સમકક્ષ હરોળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞાની અમર ઘટના છે. વીર નર્મદે સતત ચોવીસ વર્ષે (૧૮૫૮-૧૮૮૨) ''કલમને ખોળે છઉં''ની પ્રતિજ્ઞા પાળી, જીવનના પાછલા વર્ષો ગરીબીમાં વિતાવ્યાં.

શ્રી ધૂમકેતુ લખે છે, ''નર્મદ ફનાગીરી પથનો ઉપાસક હતો... ફનાગીરીને વરનારા સૌ સ્વૈચ્છિક લાગણીવાળા ગરીબ સાહિત્યકારોને નર્મદનો સૂર-સુરગંગાનો બીજે તીરેથી હજી પણ સંભળાતો હશે - ''શંખનાદ સંભળાયે ભૈયા ! શૂરપુરુષને તેડું હો !''

ગુજરાતી ભાષાનો કોશ (નર્મકોશ) રચનાર નર્મદ પહેલો છે. કોશ વિશેની વિભાવના સ્પષ્ટ કરતાં તે લખે છે, ''વર્તમાનમાં ગુજરાતની કોશ સંબંધી મારી આશા એટલી છે કે ગુજરાતી ભાષાનો જયશ્રી દર્શાવનારો પૂર્ણ બળ સૌંદર્ય ઝળાંઝળાં કરી રચેલો એવો કોશ, સરસ્વતીને પ્રસાદે એક વાર જોઉં - એ ઇચ્છા પૂરી પાડવાને તે દેવી પૂર્ણ સ્વતંત્ર, રૂડી ભક્તવત્સલને પરમ ઉદાર છે.''

પદ્મશ્રી કુમારપાળ દેસાઇ, વિશ્વ ઇતિહાસને પ્રથમવાર ગુજરાતી ભાષામાં ઉતારનાર કવિ નર્મદની કૃતિ 'રાજ્યરંગ'ને કેન્દ્રમાં રાખી જણાવે છે કે ''ગુજરાતી ભાષામાં ૧૮૦૮ થી ૧૮૬૭ સુધીમાં મળતા કુલ ૫૪ પુસ્તકોમાં ગુજરાતનો ઇતિહાસ, મહારાષ્ટ્રનો ઇતિહાસ કે રાજસ્થાનના ઇતિહાસથી માંડીને ભાવનગરના રાજાઓની વંશાવળી અને શેર-સટ્ટાની તવારીખ જેવાં પુસ્તકો મળે છે. નર્મદે 'રાજ્યરંગ'માં ૫૦૦૦ વર્ષનો ઇતિહાસ આલેખ્યો છે.'' ઇતિહાસનો મહિમા ગાતાં નર્મદ લખે છે :

ઇતિહાસો વાંચવાથી ઝાઝા ભક્તિમર્મ સમજાયે,
શૌર્ય પરાક્રમ પ્રગટ તાહરે થયેથી જશ લેવાયે.

જ્યારે ઇતિહાસ વિશે શિક્ષિત વર્ગમાં પણ બહુ થોડાને તેની સમજણ હતી એવે સમયે નર્મદ અર્વાચીન સમયના ૨૦૦થી વધુ ગ્રંથોનો અભ્યાસ કરી ''રાજ્યરંગ'' લખે એ કોઈ નાની ઘટના નથી. પ્રોફે. કેશવલાલ કામદાર નર્મદને ગુજરાતના એચ.જી. વેલ્સ તરીકે ગણાવે છે.

પ્રોફે. જયેન્દ્રરાય ભગવાનદાસ, નર્મદને 'સમયમૂર્તિ' સંબોધનની યથાર્થતા સિદ્ધ કરતાં લખે છે, ''એમનામાં કેશવ ચંદ્રસેનનો ભક્તિભાવ, મહાદેવ ગોવિંદ રાનડેની દેશસુધારાની વાંછના, બાલ ગંગાધરનો સ્વદેશપ્રેમ, કર્મવીર ગાંધીજીની સ્વદેશની ભાવના અને અરવિંદ ઘોષની આધ્યાત્મિક તત્ત્વનિષ્ઠા છે. નર્મદનું જીવન એ એક સત્યશોધકનું, અનુભવગ્રાહકનું, વિદ્યાવ્યાસંગીનું અને વિચારવાન મેધાવીનું જીવન હોવાથી એક ક્રમિક વિકાસનું જીવન છે; અને એ જ એમના વિચાર પરિવર્તનનો કોયડો ઉકેલવાની કૂંચી છે.''

શ્રી ભગવતીકુમાર શર્મા જણાવે છે કે, ''નર્મદ પછીના કાળમાં ગુજરાતી સાહિત્યે ઘણી લાંબી અને કપરી મજલ કાપી છે. પરંતુ નર્મદે આંકેલાં સીમાચિહનોને ઉવેખવાનું આજેય શક્ય નથી. પોતાના સમયને અતિક્રમી જવાની અતિવીરલ ક્ષમતા અને ઉત્કૃષ્ટ સામર્થ્ય વિના આ શક્ય ન બને... નર્મદ યુગપ્રર્વતક હતો એમ કહેવું પણ ઓછું લાગે છે. તેણે પોતાની સાહિત્ય સર્જનચેતના દ્વારા માત્ર નવા યુગનું પરોઢ પ્રગટાવ્યું એટલું જ નહીં, તેણે તે પછીના અનેક યુગોને પ્રભાવિત કર્યા, અને પૂરી સચ્ચાઈપૂર્વક સ્વીકારીએ તો એ પ્રભાવ આજે પણ યથાવત લાગે છે.''

અંતે, નર્મદ શતાબ્દી ગ્રંથના વિભાગ-૧માં પેજ-૫૧ પર કેળવણી વિશેના નર્મદના વિચારોને ટાંકી સમાપન કરીશ. ''માણસે કુદરતી હાલતમાં જ રહેવું એમ નથી, પણ તેણે પોતાના ઉદ્યમ થકી હાલત વધારે સારી કરવી એવું ઇશ્વરે નિર્માણ કર્યું છે. કુદરતને કેળવ્યાથી વધારે સારી હાલત થાય છે, માટે આપણા મનને પૂરતી કેળવણી આપવી જોઈએ. સ્વભાવરૂપી ઘોડાને વિવેકની લગામ ઘાલી કેળવવો જોઈએ, શરીરને કસરતથી કેળવી તૈયાર કરવું જોઈએ, વગર વિચારે બળ ન વાપરતાં, નિર્બળનું સંરક્ષણ કરવાના કામમાં વાપરવું જોઈએ. ધનને ક્ષણ ભંગુર મોજશોખમાં, ક્ષણભંગુર મનના લોભથી નાતવરાને વરઘોડાના ખર્ચમાં ઉડાવી દેવું ન જોઈએ પણ વૃદ્ધકાળ તથા આપત્તિકાળને માટે અને કુટુંબના ભરણપોષણ તથા બાળકની કેળવણી માટે રાખી, વધતું હોય તો દેશીભાઇના સુખને અર્થે પરમાર્થમાં વાપરવું જોઈએ. તન-મન-ધન-બળ કેળવણીથી વધારવાં; ને વ્યવસ્થા હોય તો જ તે વધે માટે વિવેક વ્યવસ્થા રાખતાં શીખવાને પણ કેળવણી જોઈએ. મનની શક્તિઓને જ્ઞાન તથા અભ્યાસથી કેળવી, ઉદ્ધત જોસ્સાને વિવેકમાં રાખવો, રીતભાત સુઘડ રાખવી, અવલોકન શક્તિ તથા વિચાર ડહાપણ વધારવાં, ધર્મનીતિનાં મૂળતત્ત્વ જાણી તેને અનુસરી વર્તવાનો નિશ્ચય રાખવો એ સૌ કેળવણીના વિષયને કર્મ છે.''

તા. ૦૧-૦૯ -૨૦૧૭
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## સિંગલ વિન્ડો સીસ્ટમ



✻ હેમ.ઉ.ગુજ. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની સંખ્યા ૪૨થી વધીને હાલમાં ૩૮૦ જેટલી થવા પામી છે. જેમાં આશરે ૧,૫૦,૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ યુનિવર્સિટી પાંચ જિલ્લાઓમાં વિસ્તાર પામેલ છે જેમાં ખાસ કરીને અરવલ્લી, સાબરકાંઠા તેમજ બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ ગામમાંથી યુનિવર્સિટી કામ અર્થે આવતા વિદ્યાર્થી ભાઇ-બહેનો સમયસર યુનિવર્સિટીની કામગીરી પૂર્ણ કરી પોતે વતન પરત જઇ શકે તે હેતુથી વિદ્યાર્થી ભાઇ-બહેનો તેમજ વાલીઓને અગવડતા ન પડે તે માટે યુનિવર્સિટી તરફથી સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીને માઇગ્રેશન સર્ટીફિકેટ, ડુપ્લીકેટ માર્કશીટ, ગુણપત્રકમાં નામ સુધારણા, કામચલાઉ પદવી પ્રમાણપત્ર, વિદેશમાં અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સસ્ક્રીપ્ટ, સરકારી કે અર્ધસરકારી કચેરીમાં નોકરીએ જોડાયેલ વિદ્યાર્થીઓના દસ્તાવેજોની ખરાઇ (જેમ કે માર્કશીટ, પદવી પ્રમાણપત્ર) અને પરિણામ તૈયાર કરતી વખતે રાખવામાં આવતા અનામત પરિણામ જાહેર કરવા સંદર્ભે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી એક જ જગ્યાએથી માહિતી મળી રહે તેવી વ્યવસ્થા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ તરફથી કાર્યરત કરવામાં આવી છે.

## સેમિનાર








✻ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન દ્વારા Journalism in Current Time વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો સેમિનાર હોસ્પિટલ મેનેજમેન્ટ વિભાગમાં તા. ૧૮-૮-૨૦૧૭ના રોજ મા. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાયો. મુખ્ય મહેમાન કટાર લેખક અને રાજકીય વિશ્લેષક ડૉ. હરી દેસાઇએ જણાવ્યું હતું કે, આઝાદી પૂર્વે પત્રકારત્વ એક મિશન હતું, જ્યારે અત્યારે તે એક વ્યવસાય બની ગયો છે તેમને ફેક ન્યુઝ પર ચિંતા વ્યક્ત કરી હતી. સેમિનારમાં પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ પ્રો. ડી.સી. પટેલ, પૂર્વ અધ્યક્ષ ડૉ. મનોજ લોઢા અને ડૉ. નિલેષ પટેલ, કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલ, કારોબારી સભ્યશ્રી શૈલેષભાઇ પટેલ, પ્રિ. લલિતભાઇ પટેલ, પ્રિ. ડૉ. સુરેશભાઇ, અધ્યક્ષશ્રીઓ, અધ્યાપક મિત્રો, મહેમાનો, મીડીયા મિત્રો અને પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી પ્રશ્નોત્તરી કરેલ હતી.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



✻ સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત ટી.એમ. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, ઇડર દ્વારા તા. ૫મી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ વાર્તાકથન, શ્લોકગાન વિવિધ પોસ્ટર દ્વારા સંસ્કૃત શબ્દોની જાણકારી તથા સંસ્કૃત ભાષાની વૈજ્ઞાનિકતા, કોમ્પ્યુટર સાથે ભાષાનો સંબંધ વગેરે અંગેની વિદ્યાર્થિની બહેનોને જાણકારી આપવામાં આવી હતી.

✻ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૫-૮-૨૦૧૭ના રોજ પ્રવેશોત્સવ તથા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. તેમાં ઇશ્વરીય વિશ્વવિદ્યાલય, ઊંઝા સેન્ટરમાંથી બ્રહ્માકુમારી જીજ્ઞાદીદી અને બ્રહ્માકુમારી જીનલદીદી ઉપસ્થિત રહી ભાઇ-બહેનના પ્રેમના પર્વ રક્ષાબંધનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

✻ આર્ટ્સ કોલેજ, શામળાજીમાં સપ્તધારા પૈકીની 'ગીત સંગીત નૃત્ય ધારા' અંતર્ગત તા. ૯-૮-૨૦૧૭ના રોજ ટેલેન્ટ મોર્નિંગ અને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરી હતી.

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં ૭૧મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ કરવામાં આવી. કોલેજની વિદ્યાર્થિની બહેનોએ રાષ્ટ્રભક્તિ તેમજ જન્માષ્ટમી હોવાથી કૃષ્ણભક્તિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા. આશ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી અશોકભાઇ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

✻ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં અખંડ ભારત દિવસની ઉજવણી તા. ૧૮-૮-૨૦૧૭ના રોજ થઇ. કાર્યક્રમમાં પ્રાસંગિક વક્તવ્ય માટે પારસભાઇ પઢિયારે વિદ્યાર્થીઓમાં અખંડભારત વિશે, તેની એક્તા-ગૌરવ વિશેના વિચારો રજૂ કર્યા હતા.




શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત

# ટેબ્લેટ વિતરણ સમારોહ

## NAMO e-TAB



New Avenues of Modern education through Tablets


























# ઈ-ટેબ વિતરણ સમારોહ

ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ''NAMO e-TAB''ના વિતરણ અન્વયે હેમ.ઉ.ગુજ. યુનિ. એ સંલગ્ન કૉલેજો અને યુનિ.ના ભવનોને સદર યોજનામાં ભાગ લેવા વિદ્યાર્થીઓને માહિતગાર કરવા જણાવેલ. જેમાં ૧૫૮ કૉલેજો દ્વારા ૨૮૧૨૫ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલ હતું.

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય પ્રેરિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના ઉપક્રમે વર્ષ ૨૦૧૭-૧૮માં ધોરણ-૧૨ પાસ કરી કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 'NAMO e-TAB' ટેબલેટ વિતરણ સમારોહ તા. ૨૮ ઓગષ્ટ-૨૦૧૭ના રોજ યુનિવર્સિટી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન મા. શ્રી નિતિનભાઈ પટેલ (નાયબ મુખ્યપ્રધાનશ્રી), અતિથિવિશેષ શિક્ષણમંત્રીશ્રી માન. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માન. શ્રી દિલીપકુમાર ઠાકોર (મા. મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર), મા. શ્રી રણછોડભાઈ દેસાઈ (મા. સંસદીય સચિવશ્રી તથા પાટણના ધારાસભ્ય) અને મા. કુલપતિ શ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલ, પાટણ જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી, પૂર્વ કારોબારી સભ્યશ્રી દશરથભાઈ જે. પટેલ તથા વિશેષ અગ્રણીઓ, કારોબારી-સેનેટ સભ્યો, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, અધ્યાપકો અને ૧૫૮ કૉલેજના ૭૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ અને પ્રેસ મિડીયા હાજર રહ્યા હતા.

મા. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેઓએ યુનિવર્સિટીની વર્ષો સુધી પડતર રહેલ માગણી જેવી કે કર્મચારીઓની કાયમી ભરતી માટેની મંજૂરી આપવા બદલ, કર્મચારીઓના સાતમા પગારપંચ મંજુર કરવા, ભૌતિક સુવિધાઓ વધારવા ૨૦.૦૦ કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવવા બદલ સરકારશ્રી અને મંત્રીશ્રીઓનો આભાર માન્યો હતો.

મા. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ટેક્નોલોજીયુક્ત સમયમાં આ ટેબલેટ સવિશેષ ઉપયોગી બની રહેશે. વધુમાં એ પણ જણાવ્યું હતું કે માત્ર રૂા. ૧૦૦૦ના ટોકન દરે વૈશ્વિક બ્રાન્ડ જેવી કે લૅનોવા અને ઍસર કંપનીના ટેબલેટ સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલ છે. તેઓએ જણાવ્યું હતું કે ૧૦૦૦ રૂ.ના (જેની બજાર કિમત અંદાજીત રૂ. ૮૦૦૦ છે) ટોકનની જે કિમત વિદ્યાર્થીઓ પાસેથી એકત્રિત થાય તે તમામ રકમને વિદ્યાર્થીના હિતને ધ્યાને લઈ ગુજરાત રાજ્યની સરકારી અનુદાનિત યુનિવર્સિટીઓ અને કૉલેજોના કેમ્પસમાં Wi-Fi સુવિધા ઉભી કરવામાં આવશે.

મા. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ટેબલેટ શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન માટે ઉપયોગી બની રહેશે. વિદ્યાર્થીઓ તેનો હકારાત્મક ઉપયોગ કરે તેવી ટકોર કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજ્યમાં હેમ.ઉ.ગુ.યુનિ. ટેબલેટ રજીસ્ટ્રેશનમાં બીજા નંબરે છે માટે વધુ રજીસ્ટ્રેશન કરી પ્રથમ નંબરે આવવા અપીલ કરી હતી. વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સરકાર હંમેશા મદદ કરવા તૈયાર જ છે. માત્ર વિદ્યાર્થીઓએ તેનો વધુને વધુ લાભ લે તેમ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે NAMO e-TAB માં (1) Calling Facility, (2) Front and back side Camera, (3) Bluetooth (4) Android 6.0, (5) 1 GB RAM 8 GB ROM, (6) Dual SIM જેવા ફીચર્સ છે.

દરેક કૉલેજમાંથી એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થિનીને સ્ટેજ પરથી મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે ટેબલેટ આપવામાં આવ્યા હતા. બાકીના વિદ્યાર્થીઓ માટે પાંચ જિલ્લા મુજબ યુનિવર્સિટીના વિવિધ ચાર ડિપાર્ટમેન્ટમાંથી તેઓને માટે ટેબલેટ વિતરણની વ્યવસ્થા કરાઈ હતી. જે વિદ્યાર્થીઓ સદર પ્રોગ્રામમાં ઉપસ્થિત રહ્યા હતા તે તમામના રજીસ્ટ્રેશન કરાવી તેમને બપોરના ભોજન માટે ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

ટેબલેટ અંગે માર્ગદર્શન અને જરૂરિયાત દર્શાવતી બે વિડિયો ક્લીપ સમગ્ર દર્શકો જોઈ શકે તે માટે ત્રણ એલ.ઈ.ડી. સ્ક્રીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી.

જિલ્લા વાઈઝ લાભ લેનાર કૉલેજો અને વિદ્યાર્થીઓની સંખ્યા આ પ્રમાણે હતી.

| ક્રમ | જિલ્લો | કૉલેજોની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૮ | ૪૮૪૪ |
| ૨ | મહેસાણા | ૪૩ | ૮૩૪૬ |
| ૩ | બનાસકાંઠા | ૩૨ | ૬૮૫૪ |
| ૪ | સાબરકાંઠા | ૩૮ | ૫૧૫૬ |
| ૫ | અરવલ્લી | ૧૭ | ૨૯૨૫ |
| | કુલ | ૧૫૮ | ૨૮૧૨૫ |

કાર્યક્રમની શરૂઆતમાં દેશભક્તિ ગીત અને પ્રાર્થના ફાઈન આર્ટ્સ કૉલેજ, પાલનપુરના અધ્યાપકશ્રી સમ્યક પારેખ તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. અન્ય કામગીરી માટે ૧૦ પેટા કમિટીઓ બનાવેલ હતી.

| ક્રમ | કમિટી | કન્વીનરશ્રી |
|---|---|---|
| ૧ | જનરલ કમિટી | પ્રો. એમ.બી. પ્રજાપતિ |
| | | ડૉ. નિશીથભટ્ટ |
| | | ડૉ. જય ત્રિવેદી |
| ૨ | રજીસ્ટ્રેશન કમિટી | ડૉ. વિશાલ ભેમવાલા |
| ૩ | ભોજન વ્યવસ્થા | ડૉ. જગદીશ પ્રજાપતિ |
| | | ડૉ. જે.ડી. ડામોર |
| ૪ | સ્ટેજ અને મંડપ ડેકોરેશન | ડૉ. સ્મિતા વ્યાસ |
| ૫ | ઉદ્‌ઘોષક | શ્રી અશોક ત્રિવેદી |
| ૬ | બેઠક વ્યવસ્થા | ડૉ. વિનુભાઈ ચૌધરી |
| ૭ | પાણી વ્યવસ્થા | શ્રી વિપુલ ઉપાધ્યાય |
| ૮ | બેનર તથા કાર્ડ કમિટી | ડૉ. આશિષ પટેલ |
| | | શ્રી ભાસ્કર ગોસ્વામી |
| ૯ | ટેબલેટ વિતરણ વ્યવસ્થા | ડૉ. જય ત્રિવેદી |
| ૧૦ | પાર્કિંગ-સિક્યુરિટી | દેસાઈ સાગરભાઈ |

આભારવિધિ કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલે કરી હતી. રાષ્ટ્રગીત બાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

# કોલેજ ન્યુઝ

## ઉજવણી

✻ ૭૧મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી પાટણના એન.જી.ઇ.એસ. કેમ્પસમાં થઈ હતી. સાંસ્કૃતિક પ્રોગ્રામમાં શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિની રાજપૂત શ્વેતાબાએ તલવારબાજીના કરતબો કર્યા હતા. કુ. શ્વેતાબાએ તલવારબાજીમાં રાજ્યકક્ષાએ પ્રથમ અને નેશનલ કક્ષાએ ચોથો નંબર પ્રાપ્ત કરેલ છે.

✻ શ્રીમતી જયાબેન ધીરજલાલ ઠક્કર (પંપવાળા) બી.એડ્. કોલેજ, રાધનપુરમાં રક્ષાબંધન કાર્યક્રમ ઉજવાયો. જેમાં ઓમશાંતિ સંસ્થાના પ્રેમિલાબેન દીદીએ રક્ષાબંધનનો મહિમા સમજાવ્યો અને તમામ સ્ટાફ તેમજ પ્રશિક્ષણાર્થીઓને રક્ષા બાંધી મોં મીઠું કરાવ્યું.

✻ આર્ટ્સ કોલેજ, શામળાજીમાં વિદ્યાર્થી પરિષદના ઇન્ચાર્જ ડૉ. સંજય પંડ્યા તથા ડૉ. હેમંત પટેલે જી.એસ., એલ.આર., વિદ્યાર્થીઓ અને બી.એડ્. કોલેજ દ્વારા મટકી ફોડ કાર્યક્રમની ઉજવણી કરી હતી. તથા ૭૧મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે કેળવણી મંડળના મંત્રી દિલીપભાઇ કટારાના વરદ્હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.




✻ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજમાં અંગ્રેજી વિભાગ દ્વારા સમકાલીન નાટ્યકાર શ્રી મહેશ દત્તાણીની જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. તેમજ 'બેટી બચાવો' વિષય પર માઇમ રજૂ કર્યુ હતું. વિદ્યાર્થિનીઓએ લેખકના જીવન અને કૃતિઓ પર આધારિત પોસ્ટર પ્રદર્શન રજૂ કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. સુરેશભાઇ ચૌધરીએ વર્તમાન સમયની અનિવાર્ય ભાષા અંગ્રેજીના મહત્ત્વને સ્પષ્ટ કર્યું હતું.

✻ ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં એન.એસ.એસ. વિભાગ અને જનરલ હોસ્પિટલ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે બ્લડ ગ્રુપ ચકાસણી કાર્યક્રમ તા. ૧૦-૮-૨૦૧૭ના રોજ યોજાઇ ગયો.

## કાર્યક્રમ

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર ખાતે તા. ૧૧-૮-૧૭ના રોજ નૃત્ય-ગીત-સંગીતધારાનો કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં ૩૫ વિદ્યાર્થિનીઓએ રાજસ્થાની નૃત્ય, દેશભક્તિ ગીત, રાસગરબા, સેમી-ક્લાસીકલ, હળવું કંઠ્ય સંગીત વગેરે કૃતિઓ રજૂ કરી હતી. તેમજ સર્જનાત્મક અભિવ્યક્તિધારા તેમજ 'ગુજરાતી વિભાગ'ના સંયુક્ત ઉપક્રમે સર્જકશ્રી ''અવિનાશ વ્યાસના ગીતો''ના ગાનનો કાર્યક્રમ તા. ૧૨-૮-૧૭ના રોજ યોજવામાં આવ્યો હતો.

✻ તા. ૧૨-૮-૧૭ના રોજ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરમાં વર્ષાગીતોનો કાર્યક્રમ 'મેઘ મલ્હાર' યોજાઇ ગયો. કોલેજમાં અભ્યાસ કરતા સંગીત વિભાગના વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વર્ષાઋતુને અનુરૂપ ફિલ્મી અને નોન ફિલ્મી ગીતો સંગીતના તાલે વરસાદી વાતાવરણમાં રજૂ કર્યા હતા. તેમજ તા. ૧૪-૮-૨૦૧૭ના રોજ 'કૃષ્ણ જન્માષ્ટમી' મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ કૃષ્ણભક્તિનાં ગીતો, ભજનો અને નૃત્યગાન રજૂ કર્યું હતું. ત્યારબાદ 'મટકી ફોડ' કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

✻ આર્ટ્સ કોલેજ, શામળાજીમાં સપ્તધારા પૈકીની જ્ઞાનધારા અંતર્ગત શ્રી મોતીભાઇ નાયક રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા લોક સાહિત્ય અને લોકકલાના કલાકારે 'મૂલ્ય શિક્ષણ' વિષય ઉપર લુપ્ત થઇ રહેલી ભારતીય સંસ્કૃતિ એમાંય ખાસ કરીને આદિવાસી અને ઠાકોર સમાજમાં લોકગીતો, હાલરડાં વગેરે પોતાની આગવી અદાથી ગાઇ-નૃત્ય કરી શામળાજીની કાળિયા ઠાકરની ભૂમિનો મહિમા ગાયો હતો.

## ગૌરવ

✻ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા દ્વારા તાલુકા કક્ષાના કલામહાકુંભ અંતર્ગત આયોજિત સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થિનીઓએ વિભાગ-૨ ગરબા સ્પર્ધામાં ભાગ લઇ તૃતીય સ્થાન મેળવ્યું હતું તથા તાલુકા કક્ષાના કલામહાકુંભ અંતર્ગત આયોજિત સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થિનીઓએ વિભાગ-૨ ગરબા સ્પર્ધામાં ભાગ લઇ તૃતીય સ્થાન મેળવ્યું હતું.

✻ ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમી દ્વારા આયોજિત ૫૭મું રાજ્ય કક્ષાનું કલા પ્રદર્શન વર્ષ ૨૦૧૬-૧૭નું યોજાયું હતું. જેમાં એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુરના ચિત્ર વિભાગના બે વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ કેટેગરીમાં પ્રથમ ક્રમે આવીને એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. કોલેજ કક્ષામાંથી (૧) સુથાર સલોની માધવલાલ (૨) કલાકાર વિભાગમાં બીજુ ઇનામ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ચૌધરી પ્રવિણભાઇ પ્રેમજીભાઇએ મેળવ્યું હતું. તા. ૧-૮-૧૭ના રોજ યોજાયેલ આ ઇનામ વિતરણ સમારંભમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અને સચિવશ્રી વી.પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્રંથ સમીક્ષા/નિર્દેશ

**શીર્ષક** : સિવિલ સોલ્જર જે.બી. વોરા : કાંકીડી ગામની કેડીથી કલેક્ટર, કમિશ્નર સુધીની સફર

**લેખક** : રાજ ભાસ્કર અને કનુભાઈ આચાર્ય

**પ્રકાશક** : બુકસેલ્ફ, અમદાવાદ

**પ્રકાશન વર્ષ** : ૨૦૧૭; **પૃષ્ઠ** : ૨૪,૨૬૭; **કિંમત** : રૂ. ૩૦૦




ગ્રંથવિશ્વમાં જીવનચરિત્રોનું આગવું મહત્ત્વ રહ્યું છે. જીવન ચરિત્રો એ જીવાતા જીવનની સંઘર્ષકથામાંથી સુવર્ણની પેઠે પરિશુદ્ધ બનેલા મૂઠી ઊંચેરા માનવીના જીવનનો નિચોડ છે. આથી જ તે હારેલામાં હિંમત ભરવાની, મડદામાં પ્રાણ ફૂંકવાની (મૃતપ્રાયઃ થયેલા જીવનને બેઠુ કરવાની)

તાકાત ધરાવે છે, જેના કારણે કોઈપણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પર્દાપણ કરનાર વ્યક્તિનું જીવનચરિત્ર તે ક્ષેત્ર પૂરતું મર્યાદિત ન બની રહેતાં સમગ્ર જ્ઞાન વિશ્વને સ્પર્શી છેવટે ભૌગોલિક સિમાડાઓને ઓળંગી વ્યાપકત્વ ધારણ કરી સમષ્ટિના કલ્યાણનું જીવનપાથેય બની રહે છે. આવુંજ એક જીવનચરિત્ર એટલે ગુજરાતના સેવા નિવૃત્ત સનદી અધિકારી સેવાનો ભેખ ધરી કર્મયોગને આત્મસાત કરી ચૂકેલા કલેક્ટર શ્રી જે.બી. વોરા (જાદવભાઈ ભગવાનભાઇ વોરા)નું જીવનચરિત્ર. મહુવા તાલુકાના કાંકીડી ગામના વતની. ખૂબ જ અભાવો અને ગરીબી વચ્ચે ઉછરેલું બાળપણ. (ગરીબીની પરાકાષ્ઠા તો એટલી કે એક વખત ભણતરને તિલાંજલી આપી સુરત હીરા ઘસવામાં પણ જોડાઈ ગયેલા) પૂજ્ય મોરારિબાપુના ત્રીજી પેઢીએ થતા ભાઇશ્રી વસંતબાપુ તેમના કુલગુરુ. સત્સંગની સરિતાના કારણે ભક્તિ, ઈશ્વરોપાસના, પરોપકાર, સેવા, સમર્પણ, વિનમ્રતા વગેરે દૈવી સંપદાના સંસ્કાર-વારસાથી સમૃદ્ધ. હાઇસ્કુલના શિક્ષણ દરમિયાન શાળાના આચાર્ય પ્રતાપભાઇ પંડ્યાએ સૌને સવાલક્ષ 'ૐ નમઃ શિવાય' મંત્રલેખન કરવા અનુરોધ કર્યો. જે.બી. વોરાશ્રીએ સવાલક્ષ મંત્રલેખન પૂર્ણ કરી જૂન મહિનામાં મહુવામાં યોજાયેલ કથામાં પૂજ્ય ડોંગરેજ મહારાજના વરદ હસ્તે શ્રીમદ્ ભાગવત અને હૃદયના અઢળક આશીર્વાદ મેળવે છે. આવો, ઉત્તમ સંસ્કારવારસો ધરાવતા જે.બી. વોરા સ્વપ્રયત્નથી મામલતદાર, જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર અને કમિશ્નર સુધીના અનેકવિધ હોદ્દાઓને સત્તાના સ્થાને પરમાત્માએ દૈવીકાર્યમાં નિમિત્ત બનાવ્યાના સૌભાગ્યનો સ્વીકાર કરી ખરા અર્થમાં તેને ગૌરવાન્વિત કર્યા છે. આ બાબતની સાક્ષી પૂરતા પ્રવીણ લહેરીના વિધાનો દૃષ્ટવ્ય છે : ''તેમના જીવનના સાફલ્યમાં હોદ્દાઓ કરતાં કામગીરીનું, સત્તા કરતાં સહજતાનું, અધિકાર કરતાં કર્તવ્યનું અને સ્વાર્થ કરતાં પરમાર્થનું પ્રાધાન્ય રહ્યું છે તે શ્રી જે.બી. વોરાના વ્યક્તિત્વ અને કારકિર્દીને વિશિષ્ટ બનાવે છે... સરકારી નોકરી એટલે કાજળ ભરેલી કોટડી. ૩૬-૩૬ વર્ષ તેમાં જલકમલવત્ રહેવું તેનાથી ભવ્ય સિદ્ધિ શું હોય શકે?... જીવનની સફળતાના કોઈપણ તબક્કે શ્રી જે.બી. વોરાએ સંસ્કાર, પ્રામાણિકતા, કર્તવ્યબોધ કે પરોપકારને વિસર્યા નથી.

પ્રસ્તુત ગ્રંથ બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યો છે. ૧. જીવનકથા, ૨. સત્યકથાઓની સરિતા. કુલ ૪૦ પ્રકરણો છે. જેમાં પ્રારંભના ૧૦ પ્રકરણોમાં જન્મ, શિક્ષણ, ગૃહસ્થજીવન વગેરે સંબંધી સામાજિક પરિવેશનું ચિત્રણ કરવામાં આવ્યું છે. પ્રકરણોનાં વિષય મથાળામાં અને તેની અંતર્ગત પિરસાતા જીવનસૌરભમાં સાહિત્યિક છાંટ જોવા મળે છે, જેમકે જાગને જાદવા, હીરાની ચમક, અર્જુનને દ્રોણ મળ્યા, નર્મદા મૈયાના ખોળામાં, સ્વાન્તઃ સુખાય, આવકારો મીઠો આપજે, વગેરે. બાકીના ૩૦ પ્રકરણોમાં વિવિધ હોદ્દાઓ પર કરેલી કામગીરીને વર્ણવવામાં આવેલી છે. પ્રત્યેક પ્રકરણનો ઉઘાડ આનુસંગિક વિષયના સાંસ્કૃતિક, ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક પરિવેશ સાથે નવલકથા શૈલીમાં કરવાના કારણે ચરિત્રનું વાંચન શુષ્ક ન બની રહેતાં રસમય બને છે જે વાચકને જકડી રાખે છે તો બીજાપક્ષે નોકરીના કાર્યકાળ દરમિયાન પ્રાકૃતિક આપદાઓ ધરતીકંપ, સૂરતમાં રેલ સંકટ, મોરબીની મચ્છુ હોનારત, માંગરોળના દરિયાનું વાવાઝોડુ વગેરે તેમની સેવાપારાયણતાના દર્શન કરાવે છે તો સુરપાણેશ્વર વિસ્તારના આદિવાસીઓના સ્થળાંતર, જૂનાગઢ જિલ્લામાં પુરવઠાલક્ષી ગ્રામ વિકાસની સરાહનીય કામગીરી, આપણને સૌને કર્તવ્યબોધ પૂરો પાડી રહી છે. ગિરનાર પરિક્રમા અને અંબાજીના ભાદરવીપૂનમની વ્યવસ્થાપકીય કામગીરીમાં તેમની ભક્તિભાવનાની ઝાંખી થાય છે. સામાન્યતઃ ગરીબીમાં ઉછરેલી વ્યક્તિઓ સાધન સંપન્ન થતા દુઃખના દહાડા વીસરી જતા હોય છે પરંતુ અહીં તો હૃદયના એક ખૂણે સતત ધબકતા રહ્યા છે. જે તેમને સત્તાના રૂઆબ અને આધિપત્યની ભાવનાથી વેગળા રાખી એક સંવેદનશીલ સેવામૂર્તિ બનાવવામાં પ્રશસ્ય ફાળો આપી રહ્યા છે. જેના દર્શન સમગ્ર કાર્યકાળમાં વિવિધ સ્થળોની ફરજો દરમિયાન ડગલેને પગલે જોવા મળે છે. પાટણ જિલ્લો પણ તેનાથી બાકાત નથી. વરસો પહેલા પાટણ જિલ્લાના સમી, હારીજ, રાધનપુર જેવા અવિકસીત અને અંતરિયાળ તાલુકાનાઓનાં ગામડાંના ખેતમજૂરોને સરકારે રોજીરોટી માટે ખેતી કરીને જીવનનિર્વાહ કરવા પડતર અને બંજર એવી જમીનો સાંથળીમાં મામૂલી રકમથી આપેલી. રાહત રકમમાં એ અરસામાં આઝાદી બાદ આ જમીન સમગ્ર ગુજરાતમાં આપતા હતા. આ પૈકીના એક સીતાબહેનના પતિને ત્રણ એકર જમીન મળેલી. લગ્નના બે વર્ષ બાદ પતિનું અવસાન થતા નાનકડા પુત્રને લઈને પિયર ગયેલા અને પાછળથી અંધ થયા હતા. આ પ્રદેશમાં અવારનવાર દુકાળ પડવાના કારણે ઘણાં પરિવારો પણ રોજીરોટી માટે હિજરત કરી ગયેલા. વર્ષો બાદ નર્મદામૈયાનું આ ધરતી ઉપર અવતરણ થતાં તેઓ માદરે વતન પરત ફર્યા. સીતાબેન પણ પરત આવ્યા. તેમણે સરપંચ પાસે જમીનની માંગણી કરી. સરપંચે કહ્યું તે તો સરકારે ક્યારનીય ખાલસા કરી નાંખી છે. અંધ સીતાબેન તેમના દીકરા સાથે કલેક્ટરશ્રી જે.બી. વોરાને મળ્યા અને તેમના જ શબ્દોમાં ''સરપંચ બાપા કયે છે કે જમીન તો સરકારે પાછી લઈ લીધી. સાહેબ, તમે નોટીસ આલી હશે ઈની ના નંઈ, સરકાર ઈની રીતે હાચી હશે, પણ મારા જેવા અભણ, આંધળા ગરીબનું શું? ઈ જવાબ નો આલી શકે એટલે જમીન લઈ લેવાની?'' સીતાબેનના હૃદયને વલોવી નાંખતા શબ્દો સાંભળી કલેક્ટરશ્રી અને તેમની સાથે બેઠેલા જિલ્લા પોલીસ વડા, જિલ્લા વિકાસ અધિકારી સહિત સૌનું હૃદય ભરાઈ આવ્યું. અંધડોશીના શબ્દો કલેક્ટરશ્રીના હૈયાને વીંધી રહ્યા હતા. માત્ર એક જ અઠવાડિયામાં જરૂરી સમગ્ર તપાસ કરાવતાં આવા ૧૫૦૦ લોકો હતા જેમણે નોટીસનો જવાબ ન આપતાં જમીન ખાલસા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ સઘન કાર્યવાહી કરી સીતાડોશીને જમીનનો કાગળ આપતાં જણાવ્યું, 'માડી તમારી જમીન તમને પાછી આલું છું.' હૃદયમાં કૃતજ્ઞતાના ભાવની હેલી થતાં માડી ચોધાર આંસુએ રડી પડ્યા.

એક બીજો પ્રસંગ બનાસકાંઠાના વર્ષ ૨૦૧૧-૧૨ના કાર્યકાળનો છે. લેખકના જ શબ્દોમાં (પૃષ્ઠ ૨૦૧) ''બનાસકાંઠા જિલ્લામાં થરાદ તાલુકાનું વાડિયા નામનું લગભગ આખું ગામ દેહવ્યાપારનો ધંધો કરે. વર્ષોથી આ ગામની દીકરીઓનાં લગ્ન થતાં જ નહીં અને દીકરીઓનાં માતા-પિતા જ તેમને આ ધંધામાં જોડી દેતાં.'' આ બાબત શ્રી જે.બી. વોરાના ધ્યાને આવી. તેમણે અંગત રસ-રૂચિ દાખવી અને ખૂબ જ ધમકી અને તંગ વાતાવરણ વચ્ચે ૧૭ દીકરીઓના લગ્ન કરાવી તેમનો ઘરસંસાર વસાવી ગામમાં ઘર કરી ગયેલી અત્યંત ઘૃણાસ્પદ પરંપરાનો અંત આણ્યો.

આવા અનેક લોકોની આંતરડી તેમણે સર્વિસને સેવાનું માધ્યમ બનાવીને ઠારી છે. આ બધાના મૂળમાં છે પિતૃઆજ્ઞાનું અક્ષરસઃ પાલન અને વસંતબાપુ - પૂજ્ય ડોંગરેજ મહારાજ વગેરે સંતોના સત્તસંગથી રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતા, પુરાણો વગેરે આર્ષગ્રંથોનો સંસ્કારવારસો. મામલતદાર તરીકે નિયુક્તિ મળતાં પિતાએ આપેલી શીખ. ''જો બેટા, વરસોના સંઘર્ષો વેઠીને તે

અમારું સપનું સાકાર કર્યું છે. ખેડૂતોને ગ્રામ્ય નોકરિયાતો હેરાન કરે છે. તલાટી, મામલતદારનો તને કડવો અનુભવ થયો છે. તારા થકી કોઈને હેરાનગતિ ના થાય તેનું ચોક્કસ ધ્યાન રાખજે. કોઈની આંતરડી કકળાવીશ નહી. પ્રામાણિકપણે કામ કરજે.''

તેઓ સ્વયં આ બાબતનો સ્વીકાર કરતાં જણાવે છે કે ''રામાયણની ચોપાઈ માત્ર વાંચી કે કંઠસ્થજ નથી કરી, હૃદયસ્થપણ કરી છે. એટલે જ્યારે જ્યારે કોઈને નાની સરખી પણ પીડામાં જોઉં છું ત્યારે હૃદયમાં દુઃખ અનુભવું છું. એને પીડામાંથી મુક્ત કરાવવાની તાલાવેલી જાગે છે. ગીતાના સંદેશ મુજબ 'તપ' એટલે કે સ્વધર્મ! સ્વધર્મની ધજા મેં હંમેશાં ફરકતી રાખવાની કોશીશ કરી છે. સ્વધર્મ નિભાવવો તપસ્વીના તપ જેટલો કઠિન હોય છે... ગભરાયા વિના પોતાનું કામ નિષ્ઠાપૂર્વક સત્યના સથવારે કર્યું છે.''

શિક્ષકત્વના ગુરુશિખર સમાન આચાર્ય પ્રતાપભાઈ પંડ્યા અને રતિલાલ બોરીસાગર જેવા ગુરુજનોના રેખાચિત્રોમાં પ્રગટ થતી ભારતીય ગૌરવાન્વિત ઋષિ-ગુરુકુળ પરંપરા, વાટલિયા પ્રજાપતિ સમાજનો ઈતિહાસ (જેમાં મૂલતઃ તેઓ મેવાડા બ્રાહ્મણ અને આ બ્રાહ્મણો ગુજરાત આવતાં પ્રજાપતિ સમાજે આશ્રય અને સહકાર આપેલો અને પાછળથી તેમની સાથે રોટી-બેટીનો વહેવાર કરતાં વટલાયેલા અને વટાલિયા પ્રજાપતિ સમાજ તરીકે પ્રસ્થાપિત થયેલા), ''નિયમો સમાજ માટે છે, સમાજ નિયમો માટે નથી.'' આ મંત્રને ભૂલીને નિયમોથી જડતાગ્રસ્ત બનેલા અધિકારીઓ અને વહીવટીતંત્ર, તત્કાલીન સમયનું સમાજજીવન, આર્થિક કઠણાઈઓ અને આ વિટંબણાના ઉકેલરૂપે ભણતરને અધુરું મૂકી ભૌતિક હિરાની ચમકમાં સદાયને માટે ચમક ગુમાવી બેસતાં અનેક જીવંત હિરાઓ (સુરતમાં હીરાઘસીયાઓનો ઘસારો) વગેરે અનેકવિધ બાબતો ઉજાગર કરવામાં આવી છે. જેના કારણે ગ્રંથએકાંગી ન બનતાં બહુઆયામી ઉપયોગિતા ધરાવે છે. આ બધી માહિતીને એકત્ર કરી ગ્રંથસ્થ કરવાનું કામ ખૂબ જ મહેનત માંગી લે છે, જે માટે લેખકો અભિનંદનને પાત્ર છે.

ગ્રંથનું મુખપૃષ્ઠ જેમાં કેસરી, લીલો, આછા આસમાની કલરના ત્રિરંગા પટ્ટા અને વચમાં ચક્ર જેની નીચે ચરિત્રનાયકનો ફોટો શીર્ષકમાં નિરૂપિત શબ્દપ્રયોગ સિવિલ સોલ્જર શબ્દને પ્રથમ દષ્ટિએ જ સાર્થક કરે છે, જે લેખકોની કલાદષ્ટિને આભારી છે.

ચરિત્રનાયકના જીવનમાં સુપ્રસિદ્ધ હાસ્યસર્જક અને કેળવણીકાર રતિલાલ બોરીસાગરનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રતિવર્ષ યોજવામાં આવતી ''શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા''માં વર્ષ ૨૦૧૪માં શ્રી રતિલાલ બોરીસાગરને વક્તા તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. ત્યારે યોગાનુયોગ શ્રી જે.બી. વોરા પાટણ જિલ્લાના કલેક્ટર હતા. આ પ્રસંગે તેઓશ્રી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વ્યાખ્યાનમાળાના માધ્યમથી તેઓ યુનિવર્સિટી સાથે વિશેષપણે જોડાયા અને પ્રસંગોપાત યુનિવર્સિટી ગ્રંથાલય અને તત્કાલીન કા. યુનિવર્સિટી ગ્રંથપાલ, ગ્રંથસમીક્ષકને તેમની વિદ્યાપ્રીતિને પૂરક બનવાનું થયું. તેમના હૃદયમાં છલકાતા ગુરુપ્રેમ અને વિદ્યાવ્યાસંગી વ્યક્તિત્વના માન. કુલપતિશ્રી પણ સાક્ષી છે.

**માન. કુલપતિશ્રી તેમના પાલનપુર કલેક્ટરના સમયગાળાના પણ કેટલાક સાનંદાયક સંભારણાના સાક્ષી રહ્યા છે. વીર નર્મદ યુનિવર્સિટી, સુરતના કુલપતિપદ દરમ્યાન શ્રી જે.બી. વોરા, સુરત જિલ્લા પૂરવઠા અધિકારીનો કાર્યભાર સંભાળતા હતા ત્યારે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે 'જ્ઞાનશક્તિ' કાર્યક્રમમાં તેમની સક્રિય સામેલગીરીને પણ તેઓ પ્રસંગોપાત યાદ કરે છે.**

સદર ગ્રંથનું વાંચન-મનન-ચિંતન-અનુકરણ સૌ કોઈને ઉપયોગી બની રહેશે તેવો શ્રદ્ધાભાવ સેવું છું. વહીવટીયક્ષેત્રમાં નમૂનેદાર ગ્રંથઅર્પણ કરવા બદલ શ્રી જે.બી. વોરાને હૃદયપૂર્વક અભિનંદન.

**ડૉ. કનકબાળા જાની**
ગ્રંથસમીક્ષક

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઈપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

**ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ**
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઈ-મેઈલ : udichyahngu@gmail.com

## સબરસ

એક બેન મૉલમાંથી બિસ્કીટ ચોરતા પકડાઈ ગયા...

જજ – તમે જે પેકેટ ચોર્યુ છે તે પેકેટમાં ૧૦ બિસ્કીટ હતા... તેથી તમારે ૧૦ દિવસ જેલમાં રહેવું પડશે...

બેનના પતિ (બુમ પાડીને) : સાહેબ, એણે મમરાનું પેકેટ પણ ચોર્યું હતું...

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Nilesh Patel (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.